## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




**સાહેબ, હવે ફિલ્મ નિર્માતા તમારી ફેવર કરીને જ ફિલ્મ બનાવશે... જો નામ પણ આપ્યા છે... 'પડતું પાકિસ્તાન', 'ચિંતીત ચાઈના...', 'રોતુ રશિયા', 'નગુણુ - નેપાળ...' !!**

# આજથી શહેરમાં કોલેજોના નવા સત્રનો પ્રારંભ થશે

ગાંધીનગર, તા. ૧૪

આવતીકાલથી ગાંધીનગરની કોલેજોમાં નવા સત્રનો પ્રારંભ થઈ રહ્યો છે. ઉનાળુ વેકેશન બાદ શહેરની આર્ટસ-કોમર્સ તથા સાયન્સ કોલેજો ફરી એકવાર ધમધમી ઉઠશે.

શહેરની કોલેજના સંકુલો ફરી એકવાર વિદ્યાર્થીઓની હાજરીથી જીવંત બની ઉઠશે. લાંબા ઉનાળુ વેકેશન બાદ શહેરમાં આર્ટસ, કોમર્સ તથા સાયન્સ કોલેજોનું નવા સત્રનો પ્રારંભ થઈ રહ્યો છે. કોલેજોમાં હાલ નવા પ્રવેશ માટે ફોર્મ ભરવાની પ્રક્રિયા ચાલી રહી છે. પોતાની ઈચ્છિત કોલેજમાં પ્રવેશ મેળવવા વિદ્યાર્થીઓ લાઈનો લગાવી એડમિશન પ્રક્રિયા પૂર્ણ કરવા પ્રયાસો કરી રહ્યાં છે. નવા સત્રથી કોલેજનું પગથિયું પ્રથમવાર ચઢવા જઈ રહેલા શાળાકીય અભ્યાસક્રમ પૂર્ણ કરી પ્રવેશ લઈ રહેલા નવ યુવાનો ફિલ્મોમાં જોયેલા કોલેજ લાઈફના દશ્યોને કલ્પના સાથે કુતુહલતાવશ કેમ્પસમાં પ્રવેશી રહ્યા છે. આ યુવાનોને હવે શાળાકીય ગણવેશમાંથી પણ




આઝાદી મળી રહી હોવાથી રોમાંચિત થઈ કોલેજ લાઈફને માણવા અથવા પ્રારંભથી જ ઈમ્પ્રેશન જમાવી દેવાના ખ્યાલ સાથે નવા જીન્સ-ટી-શર્ટ સહિત વિવિધ એક્સેસરીઝની પણ ખરીદી કરી રહ્યાં છે. આ સાથે કેટલાક જુના મિત્રો છુટી જવાની હકીકત અને નવા મિત્રો બનવાની અપેક્ષાઓ સાથે આ નવા વિદ્યાર્થીઓ સાથે કોલેજ જીવનની ઉત્સુકતા પણ જોવા મળી રહી છે.

# શહેરની સરકારી શાળાઓનું ખાનગીકરણ અટકાવો : એનએસયુઆઈ

ગાંધીનગર, તા. ૧૪

ગાંધીનગર શહેરની સરકારી સ્કૂલોનું ખાનગીકરણ થતુ અટકાવવા અને તે નિર્ણયમાં પુનઃ વિચારણા કરવાની માંગણી સાથે આજે ગાંધીનગર શહેર એનએસયુઆઈ દ્વારા કલેક્ટરને આવેદનપત્ર આપવામાં આવ્યું છે.

દિલ્હીથી ઓલ ઈન્ડિયા એનએસયુઆઈના મહામંત્રી અમિતસીંગ, ગુલાબસિંહ રાજપૂત, પ્રદેશ મહામંત્રી તથા કોર્પોરેટર અંકિત બારોટ, વિરેન્દ્રસિંહ ગોહિલ, જયરાજસિંહ બિહોલા, કોર્પોરેટર જયરાજસિંહ વાઘેલા, યુવરાજસિંહ ગોહિલ તથા પાર્થ કાપડિયા અને એનએસયુઆઈના હોદ્દેદારોએ આજે કલેક્ટર સતીષ પટેલને આવેદનપત્ર આપ્યુ છે.

આવેદનપત્રમાં માંગ કરતાં જણાવાયુ છે કે ગુજરાતના પાટનગર ગાંધીનગરમાં શિક્ષણનું સ્થર દિવસે ને દિવસે નીચુ જતુ જાય છે. શિક્ષણ સુધારવાની વાતો કરતુ શિક્ષણ વિભાગ ૨૦૦૨થી પોતાની જવાબદારીમાંથી પીઠેહઠ કરી રહ્યું છે. ગાંધીનગરના ગરીબ વિદ્યાર્થીઓના શિક્ષણ અધિકાર ઉપર તરાપ મારતુ આ તંત્ર જાણે પ્રાઈવેટ સંસ્થાઓ સાથે મિલીભગત કરી વિદ્યાર્થીઓને અન્યાય કરવાનો કરાશો આ સરકારે ગળ્યો છે.

ગાંધીનગર શહેરની સેક્ટર-૧૪, ૧૫, ૧૬, ૨૧, ૨૨, ૨૪, ૨૯, ૩૦ની શાળાઓ સરકારે બંધ કરી દીધી છે. અને સેક્ટર-૨૭, ૨૨, ૭ની સરકારી માધ્યમિક શાળા ખાનગી સંસ્થાને હવાલે કરી વિદ્યાર્થીઓ સાથે અન્યાય કર્યો છે. મોટા ભાગની ગ્રાન્ટેડ શાળાઓમાં શિક્ષકોની અછત છે. આ માટે સંપુર્ણ જવાબદાર સરકાર છે.

એક બાજુ આર.ટી.ઈ.ના કાયદા દ્વારા ગરીબ વિદ્યાર્થીઓને ખાનગી શાળામાં અનામત આપવાની વાત હોય અને બીજી બાજુ પ્રવેશ ઉત્સવના નામે સરકાર તાયફા કરતી હોઈ ત્યારે શિક્ષણનું વેપારી કરણ કરવા માધ્યમિક સ્કૂલો બંધ કરવામાં આવી રહી છે. ગરીબ વિદ્યાર્થી પચાસ હજાર ફી ભરી શિક્ષણ કેવી રીતે લે તેનો જવાબ સરકાર આપે.

## ખૂણે ખાંચરેથી...

- રાજ્ય સરકારે ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમના મેનેજીંગ ડીરેક્ટર તરીકે જશવંત ગાંધીની વધુ એક વર્ષ માટે પુનઃ નિમણુંક કરી છે.
- સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના અધિક સચિવ કે.જી. વણઝારાની વધુ એક વર્ષ માટે પુનઃ નિમણુંક કરી છે.
- ગાંધીનગર શહેરમાં હવે ભીનો કચરો અને સુકો કચરો અલગથી આપવા માટેનું જનજાગૃતિ અભિયાન તંત્ર દ્વારા હાથ ધરવામાં આવનાર છે.
- આજથી ત્રિદિવસીય શહેરી વિસ્તારની શાળાઓનો પ્રવેશોત્સવ આરંભાઈ રહ્યો છે.
- આજે વિશ્વ રક્તદાન દિવસની ઉજવણી કરવામાંઆવી છે.
- મહેસાણા ખાતે યોજાનાર પ્રદેશ કારોબારીના આયોજનમાં ગાંધીનગર ભાજપના આગેવાનોને પણ વિશેષ જવાબદારી સોંપાશે.
- ગાંધીનગર શહેરમાં વસતા ઉચ્ચ અધિકારીઓને મ્યુનિ. કમિશનર શ્રી ડી. એન. મોદીએ એક પત્ર લખી આગામી ચોમાસા દરમિયાન વાહકજન્ય રોગચાળાથી બચવા માટેના પગલાં સૂચવતો તેમજ તેમાં સહભાગી થઈ લોકજાગૃતિ અભિયાનને સઘન બનાવવા જણાવ્યું છે.

# આજે બનાસકાંઠાના જગાણામાં એકલવ્ય મોડેલ રેસીન્ડેશ્યલ સ્કૂલનો લોકાર્પણ

ગાંધીનગર, તા. ૧૪

મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલ આવતીકાલ બુધવાર તા. ૧૫મી જૂને સાંજે ૪.૦૦ કલાકે બનાસકાંઠાના જગાણા ખાતે એકલવ્ય મોડેલ રેસીન્ડેશ્યલ સ્કૂલનો લોકાર્પણ કરશે.

ગુજરાત સરકારની સ્ટેટ ટ્રાયબલ એજ્યુકેશન સોસાયટી સંચાલિત આ સ્કૂલના નવા મકાન સાથે છાત્રાલય, કર્મયોગી આવાસ અને ભોજનાલયના સંકુલો કુલ રૂ. ૧૯.૯૪ કરોડના ખર્ચે નિર્માણ પામ્યા છે.



# ગાંધીનગર સહયોગ મંડળ દ્વારા બાળકોને ચોપડાનુ વિતરણ કરાયું

ગાંધીનગરની સેવાકીય પ્રવૃત્તિ કરતી સંસ્થા સહયોગ મંડળ દ્વારા ગાંધીનગર શહેરની વિવિધ સરકારી પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતા બાળકોને ચોપડા ગરીબ દર્દીને દવા અને ચશ્માનું વિતરણ કરવામાં આવ્યું હતું. સહયોગ મંડળ ગાંધીનગરના હોદ્દેદારોએ સે. ૨ સરકારી પ્રા. શાળા, સે. ૨૪ સરકારી પ્રા. શાળા, સે. ૧૩ નંદનવન શાળા આશ્રમ શાળા, વગેરેમાં ૯૭૦ જેટલા બાળકોને ૬૦ હજારથી વધુના ચોપડા તથા ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં તબીબ સારવાર લઈ રહેલા દર્દીઓને ૧૪ હજારની મફત દવા અને ૧૨૦ જેટલા મોતીયાના દર્દીઓને ચશ્માનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ સેવાકીય પ્રવૃત્તિમાં મંડળના સભ્યો ડી.એમ. પરમાર, ભગુભાઈ પટેલ, કિરીટસિંહ વાઘેલા, દિલીપસિંહ રાજપૂત, રતિલાલ સુથાર વગેરે જોડાયા હતા.

# આંતરરાષ્ટ્રીય પરિસંવાદમાં અંજના બારોટે સંશોધન પત્રો રજૂ કર્યા

### ગાંધીનગરની નર્સિંગ કોલેજના આસીસ્ટન્ટ લાયબ્રેરિયન અંજના બારોટે મહારાષ્ટ્ર ખાતે યોજાયેલ પરિસંવાદમાં ત્રણ સંશોધન પત્રો રજૂ કર્યા

ગાંધીનગર, તા.૧૪

ગાંધીનગરની કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંલગ્ન સી.એમ. પટેલ કોલેજ ઓફ નર્સિંગના આસીસ્ટન્ટ લાયબ્રેરિયન અંજના બારોટે તાજેતરમાં મહારાષ્ટ્રના શિરપુર ખાતે યોજાયેલ આંતરરાષ્ટ્રીય સેમિનારમાં ૩ પેપર્સ પ્રેઝન્ટ કર્યા હતા. તેમણે આ પેપર્સ ઈન્ટરનેશનલ સિમ્પ્ટોશિયમ ઓન નોલેજ એન્ડ કોમ્યુનિકેશન વિષયે પ્રસ્તુત કર્યા હતા. આ પેપર્સ તૈયાર કરવામાં તેમને ગુજરાત સાહિત્ય અકાદમીના ગ્રંથપાલ ડૉ. કિરીટ શુકલનું મહામુલુ માર્ગદર્શન પ્રાપ્ત થયું હતું.

મહારાષ્ટ્રના શિરપુર ખાતે તા. ૧૦ થી ૧૧ જુન દરમિયાન થાઈલેન્ડની ખોન કેન યુનિવર્સિટીના હ્યુમનિટી એન્ડ સોશિયલ સાયન્સ ડિપાર્ટમેન્ટના સહયોગથી એનએમઆઈએમએસ ખાતે બે દિવસીય આંતરરાષ્ટ્રીય પરિસંવાદનું આયોજન કરવામાં આવ્યું હતું. મુકેશ પટેલ ટેકનોલોજી પાર્ક ખાતે યોજાયેલ આંતરરાષ્ટ્રીય સેમિનાર 'ઈસ્કોમ-૨૦૧૬'ની થીમ 'ફયુચર લાયબ્રેરિયનશીપ' રાખવામાં આવી હતી. આ સેમિનારમાં અનેક તજજ્ઞોએ આ થીમ આધારિત જુદા જુદા વિષયો પર પોતાના સંશોધન પત્રો રજૂ કર્યા હતા. ગાંધીનગરની સી.એમ. પટેલ કોલેજ ઓફ નર્સિંગના આસિસ્ટન્ટ લાયબ્રેરિયન અંજના બારોટ દ્વારા 'ઈન્ટરનેશનલ સિમ્પ્ટોશિયમ ઓન નોલેજ એન્ડ કોમ્યુનિકેશન' વિષયે કુલ ત્રણ સંશોધન પત્રો રજુ કરાયા હતા. આ સંશોધન પત્રો તૈયાર કરવામાં તેમને ગુજરાત સાહિત્ય અકાદમીના ગ્રંથપાલ ડૉ. કિરીટ શુકલનું માર્ગદર્શન પ્રાપ્ત થયું હતું. તથા તેઓએ સેમિનારમાં પણ ઉપસ્થિત રહી પ્રોત્સાહન પરું પાડયું હતું. અંજના




બારોટને તમની આ સિધ્ધિ બદલ નર્સિંગ કોલેજના આચાર્યા ડૉ. રવિનાબેન ક્રિશ્ચિયન તથા કર્મચારીગણે અભિનંદન પાઠવ્યા હતાં.

# શહેરી ક્ષેત્ર કન્યા કેળવણી શાળા પ્રવેશોત્સવ ત્રિદિવસીય અભિયાનનો આજથી પ્રારંભ

ગાંધીનગર, તા. ૧૪

મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન ૧૪માં કન્યા કેળવણી શાળા પ્રવેશોત્સવનો શહેરી ક્ષેત્રમાં આવતીકાલે બુધવાર તા. ૧૫ જૂને પાટણથી પ્રારંભ કરાવશે.

મુખ્યમંત્રીશ્રી પાટણની ગુમડા મસ્જિદ પ્રાથમિક કન્યા શાળામાં આ રાજયવ્યાપી ત્રિદિવસીય પ્રવેશોત્સવનું નેતૃત્વ કરશે. તેઓ આ અવસરે ૧૦૦ ભૂલકાંઓનો આંગણવાડી પ્રવેશ કરાવવા સાથે ૨૧ દિકરીઓને ધોરણ-૧માં તથા ૯૦ દિકરીઓનું ધોરણ-૯માં શાળા નામાંકન કરાવવાના છે.

# પ્રજાના સ્વાસ્થ્યને ધ્યાનમાં રાખી પ્રદુષણ ફેલાવતા વાહનો પર પ્રતિબંધ મૂકો : ડૉ. હિમાંશુ પટેલ

ગાંધીનગર, તા. ૧૪

ગુજરાત રાજ્યમાં ડીઝલથી ચાલતા વાહનો દ્વારા ફેલાતા પ્રદુષણને અટકાવવા માટે ભાજપ સરકાર પાસે કોઈ ચોક્કસ નીતિ નહીં હોવા સાથે નક્કર એકશન પ્લાનના અભાવે વાતાવરણમાં પ્રદુષણ ઘણી ઝડપથી વધી રહ્યું હોવાનું જણાવતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસના પ્રવક્તા ડૉ. હિમાંશુ પટેલે ગુજરાત હાઈકોર્ટના આદેશ પ્રમાણે ડીઝલથી ચાલતી રિક્ષા, કાર, ટ્રક વગેરે વાહનો ઉપર તાત્કાલીક પ્રતિબંધ મુકવા સાથે તેનું વેચાણ તાત્કાલિક ધોરણે બંધ કરાવવા માંગણી કરી છે.

કોંગ્રેસના પ્રદેશ પ્રવક્તા ડૉ. હિમાંશુ પટેલે જણાવ્યું છે કે, ગુજરાત રાજ્યમાં ડીઝલથી ચાલતા વાહનો દ્વારા ફેલાતા પ્રદુષણને અટકાવવા માટે રાજ્ય સરકારને જરૂરી પગલાં ભરવા ગુજરાત હાઈકોર્ટે આદેશ કર્યો હતો. ૨૦૧૨માં એટલે કે આજથી ચાર વર્ષ પહેલાં હાઈકોર્ટે રીક્ષા સહિત તમામ વાહનો સી.એન.જી.થી ચાલે તેવો આદેશ કર્યો હતો. એક અંદાજ પ્રમાણે ગુજરાત રાજ્યમાં ૪૦ ટકા જેટલા વાહનો ૨૦ વર્ષ કરતાં પણ જુના હોવાથી આવા વાહનો વધારે પ્રમાણમાં પ્રદુષણ ફેલાવે છે. વાહનો અને ટ્રાફિકથી ફેલાતા પ્રદુષણને નિયંત્રણ કરવા માટે મોટા ભાગની રાજ્ય સરકારો ઉપરાંત સુપ્રિમ કોર્ટે પણ ડીઝલથી ચાલતા વાહનો ઉપર તાત્કાલીક પ્રતિબંધ મૂકવા આદેશ કર્યો છે. જેનો દિલ્હી જેવી સરકારે કડક અમલ કર્યો છે. જયારે ગુજરાતમાં ભાજપ સરકાર આ બાબતે સંપૂર્ણ નિષ્ફળ નિવડી છે.

ગુજરાત રાજ્યમાં તમામ મહાનગરો સહિત મોટા શહેરોમાં આજે પણ ડીઝલથી ચાલતી રિક્ષાઓ તેમજ અન્ય વાહનો કોઈપણ પ્રકારની રોકટોક વગર છૂટથી ચાલે છે. જેમાં ભાજપ સરકારની પ્રદુષણ નિયંત્રણ બાબતે ચોક્કસ નીતિ તેમજ નક્કર એક્શન પ્લાનના અભાવે ડીઝલથી ચાલતા વાહનો અને તેનાથી ફેલાતા પ્રદુષણમાં ધરખમ વધારો થઈ રહ્યો છે. સમગ્ર ગુજરાત રાજ્યમાં ડીઝલથી ચાલતી રીક્ષાઓ તેમજ છકડાઓનું ધુમ વેચાણ થઈ રહ્યું છે. આ વેચાણ અટકાવવા માટે રાજ્ય સરકાર કે ટ્રાન્સપોર્ટ વિભાગ દ્વારા કોઈપણ પ્રકારના પગલાં ભરવામાં આવતા નથી. જેના પરીણામે કેટલીક ઓટો મોબાઈલ કંપનીઓ અને એજન્ટોને ધુમ આવક થઈ રહી છે. ભાજપ

● અનુસંધાન પાના - ૭ પર

# જિલ્લાની સ્થાનિક સ્વરાજ્યની ખાલી પડેલી બે બેઠકોની પેટા-ચૂંટણી જાહેર થઈ

ગાંધીનગર જિલ્લા પંચાયતની ખાલી પડેલી પાનસર બેઠક અને દહેગામ નગરપાલિકાના એક વોર્ડની પેટા-ચૂંટણી ૧૦મી જુલાઈના રોજ યોજાશે. રાજ્ય ચૂંટણી પંચ દ્વારા આ પેટા-ચૂંટણી યોજવા અંગેની વિધિવત્ ઘોષણ કરી દેવામાં આવી છે. જેમાં ચૂંટણી અંગેનું જાહેરનામુ ૨૦મી જુનના રોજ પ્રસિદ્ધ કરાશે અને આ સાથે જ ચૂંટણી પ્રક્રિયાનો પ્રારંભ થશે.

ઉમેદવારી પત્ર તા. ૨૫-૬-૧૬ સુધી ભરી શકાશે. જ્યારે ઉમેદવારી પત્રોની ચકાસણી તા. ૨૭મી જુનના રોજ હાથ ધરાશે. જ્યારે ૨૮મી જુન સુધી ઉમેદવારી પાછી ખેંચી શકાશે.

આ પેટા-ચૂંટણી માટે ૧૦મી જુલાઈના રોજ યોજાશે. મતદાન સવારે ૮.૦૦ વાગ્યાથી સાંજના ૫.૦૦ દરમ્યાન યોજાશે. આ પેટા-ચૂંટણીની મતગણતરી ૧૨મી જુલાઈના રોજ તાલુકા મથકે યોજાશે.

પાનસરની બેઠક મહિલા માટે અનામત છે. આ બેઠક પર કોંગ્રેસ વિજયી બની હતી પરંતુ બે કરતાં વધુ સંતાન હોવાના મુદ્દે તેમને ગેરલાયક ઠરાવતાં પંચાયતની આ બેઠક ખાલી પડી છે. દહેગામ નગરપાલિકાની પેટા-ચૂંટણી સભ્યના અવસાનથી ખાલી પડેલી છે.

# હેપ્પી યુથ ક્લબનું અભિવાદન કરાયું

ગાંધીનગર, તા. ૧૪

કડી સર્વવિશ્વવિદ્યાલય સંલગ્ન ગાંધીનગર સ્થિત બી.પી.કોલેજ ઓફ બિઝનેશ એડમિનીસ્ટ્રેશન (બીબીએ)ના વિદ્યાર્થીઓનું ગાંધીનગરની સેવાભાવી સંસ્થા "હેપ્પી યુથ ક્લબ" દ્વારા આયોજિત રક્તદાન શિબિરનું ઉત્કૃષ્ઠ સંચાલન કરવા બદલ સન્માન કરવામાં આવ્યું હતું. જેમાં બીબીએ કોલેજના વિદ્યાર્થીઓએ ટીમ લીડર તરીકે પ્રશંસનીય ફરજ નિભાવી હતી. કોલેજની બે વિદ્યાર્થીનીઓ ખુશ્બુ પરમાર, ફાલ્ગુની સુરતીનું અત્રે સન્માન કરવામાં આવ્યું હતું. ત્યાર બાદ બંને વિદ્યાર્થીનીઓએ પોતાના અભિપ્રાય આપતા જણાવ્યું હતુંકે કોલેજમાં તેમનો સર્વાંગી વિકાસ થાય તે માટેની પ્રવૃત્તિઓ સતત અભ્યાસની સાથે સાથે થાય છે.





વિદ્યાર્થીઓનો ઉત્સાહ તેમજ તેમના કામ પ્રત્યેના લગાવને જોઈ હેપ્પી યુથ ક્લબના સમીરભાઈ રામી દ્વારા જણાવ્યું હતું કે તેઓએ એક નાગરિક તરીકેની આપની સમાજ પ્રત્યેની ફરજ વિદ્યાર્થીઓને સમજાવી હતી તેમજ સમાજ ઉપયોગી કાર્યો માટે હંમેશા તૈયાર રહેવા પ્રેરણા આપી હતી. કોલેજના વરિષ્ઠ અધ્યાપક ડૉ. જયેશ તન્ના દ્વારા વિદ્યાર્થીઓને અભ્યાસ ઉપરાંત હંમેશા હકારાત્મક અભિગમ સાથે કાર્ય કરવાની શીખ આપી હતી તેમજ મેનેજમેન્ટ ફક્ત અભ્યાસક્રમ નથી પરંતુ સફળ જીવન જીવવાની શૈલી છે. કોલેજના આચાર્ય ડૉ. રમાકાંત પૃષ્ટિએ બંને વિદ્યાર્થીઓને તેમના ઉત્કૃષ્ઠ સેવા કાર્યબદલ શુભેચ્છાઓ પાઠવી હતી.

## અનુસુચિત જનજાતિના યુવક યુવતિઓ માટે તક

# સાહસિક પગપાળા વિસ્તાર પરિભ્રમણ કરવા માટેની તક

અમદાવાદ,તા. ૧૪

અનુસુચિત જનજાતિના યુવક યુવતિઓ ૧૫ થી ૩૫ વર્ષની વયમર્યાદાવાળા વિદ્યાર્થી, બિનવિદ્યાર્થી યુવક યુવતિઓ સાહસિક પગપાળા સાગરકાંઠા વિસ્તાર પરિભ્રમણ કાર્યક્રમમાં જોડાવાની ઉમદા તક આપી પ્રોત્સાહિત કરવા રાજય સરકારના કમિશ્નર, યુવક સેવા અને સાંસ્કૃતિ પ્રવૃત્તિઓના ઉપક્રમે સાગરકાંઠા વિસ્તારનો પરિભ્રમણનો ૧૦ દિવસનો કાર્યક્રમ સંભવત જુલાઈ-૨૦૧૬માં યોજાનાર છે. આ કાર્યક્રમમાં ૧૦૦ યુવક યુવતિઓને ભાગ લેવાની તક મળશે, તેમ યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગની યાદીમાં જણાવ્યું છે. યાદીમાં વધુમાં જણાવ્યાનુસાર જે યુવક યુવતિઓ તા. ૩૦-૦૬-૨૦૧૬ના રોજ ૧૫થી ૩૫ વર્ષની વયમર્યાદા ધરાવતા હોય તેવા અને કાર્યક્રમમાં ભાગ લેવા ઈચ્છતા હોય તેઓએ નીચે જણાવેલ વિગતો સાથેની પોતાની અરજી જિલ્લા રમત ગમત અધિકારી, જિલ્લા રમતગમત કચેરી, દેવભુમિ દ્વારકાને તા. ૧૫.૦૬.૨૦૧૬ સુધીમાં મોકલી આપવાની રહેશે.

અરજીમાં પોતાનું પુરુ નામ સરનામુ ફોન મોબાઈલ નંબર સાથે, આધાર કાર્ડ, ચૂંટણી મતદાતા ઓળખકાર્ડ રાજય સરકાર, કેન્દ્ર સરકારા, શાળા કોલેજ કે યુનિવર્સિટી દ્વારા અપાયેલ કોઠા સાથેના ઓળખકાર્ડની પ્રમાણિત નકલ, સાથેની વિગતોનો સમાવેશ કરવાનો રહેશે.

# ગાંધીનગર શહેર રાવત સમાજ વિકાસ મંડળની રચના

ગાંધીનગર, તા. ૧૪

સેનમા રાવત સમાજની બેઠક ગાંધીનગર ખાતે મળી હતી. આ બેઠકમાં ગાંધીનગર શહેર તેમજ આજુબાજુના ગામોમાં વસતા સેનમા સમાજના સભ્યોએ મોટી સંખ્યામાં હાજરી આપી હતી. સમાજના વિકાસ માટે આગળ વધી સમાજમાં જાગૃતિ લાવવા ભાર મુકી એક સંગઠનની રચના કરી હતી. જેનું 'ગાંધીનગર શહેર રાવત સમાજ વિકાસ મંડળ' એવું નામ આપવામાં આવ્યુંહતું. આ મીટીંગમાં પ્રમુખ સ્થાને સેનમા રાવત સમાજના અગ્રણી અને દસાડાના ધારાસભ્ય પુનમભાઈ મકવાણા હાજર રહી સમાજના વિકાસ માટે ખૂબ ઉપયોગી સૂચનો કર્યા હતા અને યુવા જાગૃતિ શિક્ષણ સંગઠન વિગેરે બાબતોમાં માર્ગદર્શન આપ્યુ હતુ. અન્ય આગેવાનોએ પણ સંગઠનના બળથી આગળ વધી આપણા અધિકારો મેળવવા માટે શીખ આપી હતી. સંઘના મહામંત્રી રમેશભાઈ ગુંજેટીયાએ યુવાનોમાં જાગૃતિ આવે કન્યા કેળવણીનો બહોળો ફેલાવો થાય અને સમાજની સમસ્યાઓને વાચા મળે તે માટે યુવાનો અને વડીલો એકતાની સાંકળ રચી આગળ વધે તેવી અપીલ કરી હતી. મણીભાઈ રાવત, રમેશ મકવાણા, રમણભાઈ જમાદાર, અમૃતભાઈ સેનમા, કાળીદાસ રાવત વિગેરે આગેવાનોએ પ્રાસંગિક પ્રવચનો કર્યા હતા. સંચાલન રમેશભાઈ ગુંજેટીયાએ કર્યું હતું. ધારાસભ્ય પુનમભાઈ મકવાણાની ઉપસ્થિતિમાં ગાંધીનગર શહેર રાવત સમાજ વિકાસ મંડળ (સૂચિત)ની સ્થાપના કરવામાં આવી હતી. ગાંધીનગર શહેર રાવત સમાજ વિકાસ મંડળના પ્રમુખ તરીકે વિઠ્ઠલભાઈ શંકરભાઈ સેનમા મેઘાઅલીયાસણાવાળા, ઉપપ્રમુખોમાં રમેશભાઈ શંકરભાઈ રાઠોડ, રીદ્રોલવાળા હરેશભાઈ મગનભાઈ રાવત, સુલતાનપુરવાળા નરેશભાઈ કચરાભાઈ રાવત, ગવાડાવાળા મહામંત્રી તરીકે નીતિનકુમાર મણીલાલ રાવત, ભાકડીયાવાળા, સહમંત્રીઓમાં કિશનકુમાર કાળીદાસ રાવત, પુનાસણવાળા, શૈલેષભાઈ કચરાભાઈ ચાવડા, ડાભલાવાળા ખજાનચી તરીકે અમરતભાઈ ખોડાભાઈ સેનમા, રામપુરાવાળા આંતરીક ઓડીટર તરીકે નરેન્દ્રભાઈ રામજીભાઈ રાવત, દેથલીવાલા પ્રચારમંત્રીમાં ચમનભાઈ સોમાભાઈ રાવત, પુંધરાવાલા રજનીભાઈ વિઠ્ઠલભાઈ સેનમા, કમાણાવાળા સંગઠનમંત્રીમાં રમણભાઈ શંકરભાઈ રાવત, રણાસણવાળા રમેશભાઈ બેચરભાઈ મકવાણા, રાળાપુરાવાળા વિભાગીય મંત્રીમાં ભીખાભાઈ રણછોડભાઈ પરમાર, મહાદેવપુરાવાળા ડાહ્યાભાઈ મેલાભાઈ સેનમા, વ્યાસપાલડીવાળા કાર્યાલયમંત્રી તરીકે જયંતિભાઈ નાગરભાઈ મકવાણા, બોરીચવાળાની નિમણૂંક કરવામાં આવી છે. સંસ્થાના નવા વરાયેલા મહામંત્રી નીતિનભાઈ મણીલાલ રાવતે સૌનો આભાર માન્યો હતો.

# લોકાયુક્તનો વાર્ષિક અહેવાલ સુપરત

ગુજરાતના લોકાયુક્ત ન્યાયાધીશ (નિવૃત્ત) શ્રી ડી.પી. બુચે આજે રાજભવન ખાતે ગુજરાતના રાજ્યપાલ શ્રી ઓ.પી. કોહલીને ૧૮મો વાર્ષિક અહેવાલ સુપરત કર્યો હતો.